# ગિફ્ટસીટી વિસ્તારમાં હવે એક આઈ. ટી. પાર્ક ડેવલપ કરાશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર નજીક વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટ ગિફ્ટ સીટી વિસ્તારની જ કેટલીક જમીન પર આઈ.ટી. પાર્ક બનાવવાનો મહત્વનો નિર્ણય રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવ્યો છે.

ગિફ્ટ સીટીની ડેવલપર કંપની આઈ.એસ.એફ.એસ.ના વિવાદને લઈ સરકારે વચલો રસ્તો શોધી આ ગિફટીસીટીની કેટલીક જમીન ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની ખરીદે અને તે જમીન આ પછી જી.આઈ.ડી.સી. ખરીદે, આટલુ જ નહિ પણ જી.આઈ.ડી.સી. પણ ગિફ્ટસીટી જે હાઈટેક હોવાથી ત્યાં માનવબળની જરૂરિયાતને ધ્યાને રાખી આઈ.ટી. પાર્ક બનાવે જેથી બન્ને હેતુ સચવાઈ જાય.

સરકારના વિશ્વસનીય સૂત્રોમાંથી એવી પણ માહિતી પ્રાપ્ત થઈ છે કે ગિફ્ટસીટી વિસ્તારમાં જ આઈ.ટી. પાર્ક ડેવલપ કરવામાં આવે તો તાઈવાને તેના માટે તત્પરતા દાખવી છે અને વાયબ્રન્ટ સમીટ દરમ્યાન તાઈવાનના ડેલીગેશને ગિફ્ટસીટીની પણ મુલાકાત લીધી હતી.

આ બાબતે સરકારે પોતાનુ મન સ્પષ્ટ કરી તાઈવાન માટે લાલ જાજમ બિછાવી દીધી છે હવે માત્ર ક્યારથી આ પ્રક્રિયા શરૂ થશે તેના પર સૌની નજર મંડાયેલી છે.

ગિફ્ટસીટીમાં હાલ બે ટાવર બનેલા છે અને બીજા ટાવરો હવે પછી બનશે કે કેમ તેને લઈ પણ અસમંજસતા પ્રવર્તી રહી છે. જો કે આ વિસ્તારમાં આઈ.ટી. પાર્ક ડેવલપ કરવા અંગેનો નિર્ણય ઉચ્ચસ્તરીય બેઠકમાં લેવાઈ ચુક્યો છે.

આ આઈ.ટી. પાર્કની સાથે એક ટ્રેનીંગ ઈન્સ્ટીટ્યુટ પણ બનશે એવુ મનાઈ રહ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર તાલુકામાંથી સ્વાઈન ફલુના વધુ બે કેસ : કુલ ૭ કેસ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર તાલુકામાંથી આજે વધુ બે સ્વાઈન ફલુના કેસ મળી આવતાં આરોગ્યતંત્ર દોડતુ થયુ છે. આ બે કેસ મળતાં જિલ્લામાં સ્વાઈન ફલુના કેસોની સંખ્યા ૭ પર પહોંચી છે.

જિલ્લા આરોગ્યતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આજે મળેલા બન્ને કેસ મહિલા દર્દીના છે અને બન્ને દર્દી ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જ્યાં તેમની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો મુજબ ઉવારસદની એક ૪૩ વર્ષીય મહિલાને સ્વાઈન ફલુ પોઝીટીવ આવતાં તેણીનીને અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

આજ પ્રમાણે ગાંધીનગર તાલુકાના પ્રાંતિયામાંથી ૪૫ વર્ષીય મહિલાને સ્વાઈન ફલુ પોઝીટીવ આવતાં તેણીનીને પણ અમદાવાદ સ્થિત ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લામાં નોંધાયેલ ૭ દર્દી પૈકી ૩ દર્દી સંપૂર્ણ રોગમુક્ત થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જ્યારે ૩ દર્દી સારવાર હેઠળ છે અને ૧ બાળદર્દીનું મોત થયુ છે.

જિલ્લામાં ઠંડીનું જોર વધતાં જ સ્વાઈન ફલુના વાયરલ પુનઃ દેખાયા છે. આ વખતે તંત્રએ પણ આ રોગને નાથવા માટે જન જાગૃતિ ઉપરાંત મેડીકલી ટ્રીટમેન્ટ દ્વારા લોકોને રાહત થાય તેવી રણનીતિ અમલમાં પણ મુકી દીધી છે. જોકે સ્વાઈન ફલુના દર્દીને ઓળખ-પત્ર આપવાના મુદ્દે હજુ તબીબી જગત એક આશ્ચર્ય સાથે આ નિર્ણયને જોઈ રહી છે.

દર્દીને સમયસર સારવાર મળે તે જરૂરી છે પણ આવી વહીવટીય પ્રથા ક્યાંથી અમલવારી કરવી તે હજુ સુધી સમજી શક્યા નથી.



આડેધડ પાર્કીંગ - સુવિધાઓથી છલકાતું પાટનગર સમસ્યાઓથી પણ છલકાય છે... વિશાળ માર્ગો અને વિશાળ પ્રમાણમાં ખુલ્લી જગ્યાઓ હોવા છતાં પાર્કીંગનો પ્રશ્ન દિન-પ્રતિદિન શીરદર્દ બનતો જાય છે... શિક્ષિત નગરમાં હજુ પણ ટ્રાફીક સેન્સ અને પાર્કીંગ સેન્સની ઉણપ વર્તાય છે... ગમે ત્યાં, ગમે તે રીતે પાર્કીંગ કરવું એમાં વ્યક્તિ વિશેષની મહત્તા વ્યક્ત થતી હોય તેમ અનુભવાય છે... કોઈને કંઈ કહેવાય નહિ... કારણ કે અધિકારીઓ અને પદાધિકારીઓના નગરમાં સૌ-સૌના અલગ - અલગ મિજાજમાં છે...

# મનપામાં વિકાસકામોની મંજૂરી અટવાઈ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિ હાલ કાર્યરત ન હોવાને કારણે મનપાના વિકાસકામો અટવાઈ જવા પામ્યા છે.

ગાંધીનગર મનપાના કાનૂની વિવાદને લઈ નવી રચાયેલ સ્થાયી સમિતિની રચના અટવાઈ જવા પામી છે આથી વિકાસ કામોના ૧૦ થી પણ વધુ ટેન્ડરો આખરી થઈ આવ્યા છે પણ સ્થાયી સમિતિની મંજૂરી ન હોવાથી તેના વર્ક ઓર્ડર સહિતની વહીવટીય પ્રક્રિયા અટવાઈ જવા પામી છે.

મનપાના જે વિકાસકામો અટકી પડ્યા છે તેમાં સે. ૨૧ અને સે. ૨૪ ખાતે વર્મી કમ્પોઝ્ડમાં કમ્પાઉન્ડ વોલ ઓફિસ વીથ ટોઈલેટ અને આર.સી.સી. રોડ બનાવવાની કામગીરી, શહેરના અર્બન હેલ્થ સેન્ટરોના નવીનીકરણ તેમજ નવીન ફિઝ્યોથેરોપી સેન્ટર શરૂ કરવા માટેના કામ સહિતના મુદ્દાઓનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત વિવિધ સેક્ટરોના આંતરિક માર્ગો તેમજ સ્વચ્છતા અભિયાન માટે ટ્રેક્ટર ખરીદી, મનપાના એકઠા થયેલા ઘન કચરાના વેસ્ટ ટુ એનરજી પ્લાન્ટ મારફતે નિકાલ કરવા બાબતેના કામ પણ અટવાઈ જવા પામ્યા છે.

મનપામાં વિકાસકામો જે ચાલુ છે તેની સમીક્ષા પણ બાકી છે એટલુ જ નહિ નાણાંકીય હિસાબોને બહાલી આપવા સહિતની કામગીરી પણ અટવાઈ જવા પામી છે.

## મનપાની સુનાવણી હવે ૧૯ ફેબ્રુઆરીએ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મહાનગરપાલિકાના કાનૂની વિવાદની વધુ એક મુદત ૧૯ ફેબ્રુઆરીની પડી છે. આ કાનૂની વિવાદ હવે ડિવીઝન બેન્ચ સમક્ષ રજુ થઈ ચુક્યો છે અને આજે તેની મુદત હતી પરંતુ સમયના અભાવે તેની સુનાવણી હાથ ધરાઈ ન હતી અને ૧૯-૨-૧૯ની મુદત આપવામાં આવી છે.

# ઠંડીમાં નજીવી રાહત : પારો ૮.૫ ડિ.સે.

## સુસવાટા મારતા પવનો હજુ પણ જનજીવન પર ઘેરી અસર કરી રહ્યા છે : પશ્ચિમી વિક્ષેપોની અસર હેઠળ ઠંડી થોડીક ઘટી : બેઠી ઠંડીથી વસાહતીઓ પરેશાન

ગાંધીનગર, તા. ૨૯

છેલ્લા ચાર-પાંચ દિવસથી પડી રહેલી કાતિલ ઠંડીએ વસાહતીઓને રીતસર ધ્રુજાવી નાંખ્યા છે. લઘુત્તમ તાપમાનમાં એક ડિગ્રીનો વધારો થયો છે, જો કે તેનાથી વસાહતીઓને નજીવી રાહત મળી છે. વહેલી સવારે ફુંકાતા ઠંડા પવનો હજુ ચાલુ રહેતા વસાહતીઓને ઘરમાં પુરાઈ રહેવાની ફરજ પડે છે.

ગાંધીનગરમાં ઠંડીએ રીતસર કહેર વરસાવ્યો છે. છેલ્લા પાંચ-સાત વર્ષમાં ન પડી હોય તેવી રેક્રોડ બ્રેક ઠંડી હાલમાં પડી રહી છે. ઠંડીની સીઝન વસાહતીઓ માટે દિવસે દિવસે આકરી બનતી જાય છે. લઘુત્તમ તાપમાનની સાથોસાથ મહત્તમ તાપમાન પણ ગગડી રહ્યુ છે. ઠંડા પવનો ખુબ ઝડપથી તાપમાન નીચુ લાવી રહ્યા છે.

વહેલી સવારે તો એટલો તીવ્ર પવન ફુંકાય છે કે વસાહતીઓ બારી-બારણા બંધ રાખવા છતાં ધ્રુજી ઉઠે છે. ઘરની બહાર માંડ માંડ નીકળી શકાય છે. આખો દિવસ પવનનું જોર રહે છે. ઘરના બારી-બારણાં ચોવીસ કલાક બંધ રાખવા પડે છે.

● અનુસંધાન પાન-૭ પર

## શિક્ષણતંત્રએ માનવતા નેવે મુકી

# કાતિલ ઠંડીમાં થરથર ધ્રુજતા કુમળા વિદ્યાર્થીઓ દયાજનક હાલતમાં

## મોર્નિંગ સ્કુલના સમયમાં ફેરફાર કરવાના મામલે નિરસતા : વાલીઓમાં પ્રબળ રોષ

ગાંધીનગર તા ૨૯

શહેરમાં બરફિલા પવનો વચ્ચે કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. જયારે આકરી ઠંડીના લીધે જનજીવન સુન્ન પડી ગયુ છે. ઠંડીનો ચમકારો યથવાત છે. જયારે હવામાન તજજ્ઞોના જણાંવ્યા મુજબ હજુ પણ ઠંડીનો મિજાજ ઉગ્ર રહેશે. આક્રમક ઠંડીના લીધે શહેરીજનો કોલ્ડવેવથી પ્રભાવિત થયા છે. બીજીતરફ શાળાએ જતા વિદ્યાર્થીઓની હાલત પણ દયાજનક બની છે. આમછતા શિક્ષણતંત્ર દ્વારા શાળાનો સમય બદલવા માટે કોઈ આયેજન કરાયુ નથી. શિક્ષણતંત્ર માનવતાવાદી અભિગમ નેવે મુકી એકમેકને ખો આપવાની નિતી અપનાવતા કુમળા વિદ્યાર્થીઓને આકરી ઠંડીમાં થર થર ધ્રુજવાનો વારો આવ્યો છે. મોર્નિંગ સ્કુલે જતા વિદ્યાર્થીઓના વાલીઓ પણ આ મામલે રોષ ઠાલવી રહ્યા છે.

ગાંધીનગર છેલ્લા એક મહીનાથી આકરી ઠંડીની ગિરફતમાં છે. નગરનુ જનજીવન પણ આકરી ઠંડીના લીધે સુન્ન પડી ગયુ છે.વહેલી સવારે અને રાત્રિના સમયે નગરજનો કામ સિવાય ઘરની બહાર જવાનુ ટાળી રહ્યા છે. આકરી ઠંડીના લીધે જનઆરોગ્ય પર વિપરિત અસર વર્તાઈ રહી છે. ઠંડીના લીધે દમ અને શ્વાસના દર્દીઓ પરેશાન છે.

બીજીતરફ આકરી ઠંડીએ નગરજનોને ઘરમાં રહેવા મજબુર કરી દીધા છે. આવા સંજોગોમાં સવારે મોર્નિંગ વોક કરનારાઓની સંખ્યામાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# સ્માર્ટ વિલેજની પસંદગી અંગે તજજ્ઞ સમિતિની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં સ્માર્ટ વિલેજની પસંદગી અંગે આજે તજજ્ઞ સમિતિની એક બેઠક જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયાની ઉપસ્થિતિમાં મળી હતી.

સ્માર્ટ વિલેજ અંગે જિલ્લાના ગ્રામ્યવિસ્તારો પાસેથી અરજીઓ માંગવામાં આવી હતી અને ચકાસણીને અંતે ૮ ગામોની જિલ્લાના તજજ્ઞો સામે દરખાસ્તો રજુ કરવામાં આવી હતી. હવે તજજ્ઞ સમિતિ દ્વારા તંત્ર સાથે સઘન પરામર્શને અંતે એકાદ-બે દિવસમાં જ દરખાસ્ત રાજ્ય સરકારને મોકલી આપવાની કાર્યવાહી હાથ ધરાશે.

તત્કાલીન મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના સમયમાં આ યોજના અમલમાં મુકાઈ હતી. આ પછી ફાઈલ અભેરાઈએ ચડી ગઈ હતી પરંતુ આવી રહેલી ચૂંટણીને પગલે ગ્રામીણ પ્રજાના દિલ જીતવા સરકારે યોજનાના માપદંડમાં સુધારા અંગેનો પરિપત્ર જારી કરી અને દરખાસ્તો મોકલવા તંત્રને જણાવ્યુ હતુ.

સરકારે ૧૯ જેટલા માપદંડ આ યોજના માટે નિયત કર્યા છે અને તે માપદંડને આધારે ગામોની પસંદગી કરવામાં આવશે અને તે અંગેની આખી દરખાસ્ત સરકારને મોકલવામાં આવશે.

પંચાયતમાં આજે ગામોની પસંદગી અંગે મળેલ તજજ્ઞ સમિતિએ આમ તો લગભગ તેની કામગીરી પૂર્ણ કરી દીધી છે પણ એકાદ-બે સામાન્ય બાબતોને લઈ દરખાસ્ત એકાદ-બે દિવસમાં જ સરકાર તરફ રવાના કરી દેવાશે તેમ પંચાયતના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. જિલ્લાના ચાર ગામોને સ્માર્ટ વિલેજ ઘોષિત કરવામાં આવશે.

# સેકટરોમાં ફરતે કમ્પાઉન્ડ વોલ બનાવવા માટે તંત્ર દરખાસ્ત કરશે

## સે-૨૬ કિસાનનગર વિસ્તારમાં કમ્પાઉન્ડ વોલ બનાવવા માટે પણ આયોજન

ગાંધીનગર તા ૨૯

શહેરના સેકટરોમાં ફરતે કમપાઉન્ડ વોલનુ નિર્માણ કરવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. સે-૨૬ કિસાન નગરના રહીશોએ આ મામલે અગાઉ પાટનગર યોજના ભવનના તંત્ર સમક્ષ રજુઆત પણ કરી હતી. જયારે આગામી દિવસોમા વિભાગ કક્ષાએથી વહીવટી મંજુરી મળ્યા બાદ સેકટર ફરતે કમ્પાઉન્ડ વોલ બાંધવામાં આવશે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧.૧૬ કરોડનો ખર્ચ કરાશે. આગામી દિવસોમાં તબક્કાવાર સેકટરોમાં પણ કમ્પાઉન્ડ વોલ બાંધવા માટે આયોજન કરાશે.

શહેરના સેકટરોમાં સલામતીના ભાગરૂપે કમ્પાઉન્ડ વોલ બાંધવામાં આવી હતી. જો કે અગાઉ બાંધવામાં આવેલી કમ્પાઉન્ડ વોલ હાલ જોવા મળતી નથી. જયારે સેકટરવાસીઓમાં આ પ્રકારની વોલ બાંધવા માટે પુન : માંગ ઉઠવા પામી છે. શહેરના સે-૨૬ કિસાન નગરના અગ્રણીઓ દ્વારા આ અંગે પાટનગર યોજનાના તંત્ર સમક્ષ રજુઆત કરવામાં આવી હતી જેના અંતે તંત્ર દ્વારા વિભાગ કક્ષાએ આ કામગીરીને અનુલક્ષીને દરખાસ્ત કરવામાં આવી છે. જયારે આગામી દિવસોમાં આ દરખાસ્તને મંજુરી મળી ગયા બાદ વોલ બનાવાની કામગીરી હાથ ધરાશે.આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧.૧૬ કરોડનો ખર્ચ કરાશે. આ ઉપરાંત નગરના અન્ય સેકટરોમાં પણ કમ્પાઉન્ડ વોલ બનાવવા માટે આગામી દિવસોમાં પાટનગર યોજના ભવન દ્વારા દરખાસ્ત કરાશે જેના અંતે સેકટરોમાં કમ્પાઉન્ડ વોલ બનાવાનુ કામ હાથ ધરાશે. શહેરના સેકટરોમાં હાલ ચારે બાજુથી રસ્તાઓ ખુલ્લા છે. જેના લીધે ગમે ત્યારે ગમે તે વ્યક્તિ સેકટરોના આંતરિક વિસ્તારમાં સરળતાથી પ્રવેશી શકે છે. જેથી સલામતી જોખમમાં મુકાતી હોવાની ફરિયાદો પણ અગાઉ ઉઠવા પામી હતી. જો કે આગામી દિવસોમાં સેકટરોમાં કમ્પાઉન્ડ વોલ બનાવવા પણ વિચારણા હાથ ધરવામાં આવી છે.

# પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા આખરે એનસીપીમાં જોડાયા

## શરદ પવાર અને અન્યોની ઉપસ્થિતિમાં સામેલ : તરત એનસીપી રાષ્ટ્રીય મહાસચિવ તરીકેની જવાબદારી

અમદાવાદ,તા.૨૯

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ આજે




રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)નો વિધિવત્ ખેસ ધારણ કર્યો હતો. આ સાથે જ શંકરસિંહ લોકસભાની ચૂંટણી પહેલાં કોંગ્રેસમાં પાછા ફરશે કે, ભાજપનો કેસરિયો પુનઃ ધારણ કરશે તેવી અટકળોનો અંત આવ્યો હતો. અમદાવાદમાં આજે શંકરસિંહ વાઘેલા એનસીપી પ્રમુખ શરદ યાદવની હાજરીમાં સત્તાવાર રીતે એનસીપીમાં જોડાયા હતા. આ કાર્યક્રમમાં એનસીપીના નેતા પ્રફુલ પટેલ, એનસીપી ગુજરાતના પ્રમુખ જયંત બોસ્કી પણ હાજર રહ્યા હતા. હતા. શંકરસિંહને પક્ષે એનસીપીના રાષ્ટ્રીય મહામંત્રી તરીકેની બહુ મહત્વની જવાબદારી સોંપવાન જાહેરાત કરી હતી. દરમ્યાન એનસીપીમાં જોડાયા બાદ શંકરસિંહે જણાવ્યું કે, ગુજરાતના

● અનુસંધાન પાન-૭ પર

# વરિષ્ટ કટાર લેખક નગીનદાસ સંઘવીને ફ્રેકચર થતા હોસ્પિટલ ખસેડાયા

સુરત,તા.૨૯

૯૯ વર્ષીય કટાર લેખક અને પદ્મશ્રી નગીનદાસ સંઘવી બે દિવસ પહેલાં અચાનક પડી જતા સારવાર અર્થે સુરતની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. હાલ ઓર્થોપેડીક સર્જન તેમને નેક ફેમર ફ્રેક્ચર માટે ઓપરેટ કરી રહ્યાં છે. અને બે દીકરીઓની દેખરેખ હેઠળ સ્વસ્થ હોવાનું જાણવા મળ્યું છે.

કટાર લેખક નગીનદાસ સંઘવીને ૨૬મી જાન્યુઆરીએ પદ્મશ્રી આપીને સન્માનિત કરાયા છે. મોટા ભાગનું જીવન મુંબઈ ખાતે પસાર કરનાર ૯૯ વર્ષીય નગીનદાસ સંઘવી છેલ્લા બે મહિનાથી ઘોડદોડ રોડ વિસ્તારમાં દીકરીના ઘરે રહે છે તેમજ શહેર ખાતે યોજાતા વિવિધ સાહિત્ય કાર્યક્રમોમાં પણ હાજરી આપે છે. દરમિયાન બે દિવસ પહેલાં ઘરે અચાનક પડી ગયા હતા. જેથી તેમને ખાનગી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.



## બેસણું

અમારા પૂજ્ય પિતાશ્રી **બચુભાઈ આર. શેઠ (નિવૃત નાયબ સચિવ, કૃષિ વિભાગ)** નું તા.૨૯-૦૧-૨૦૧૯ને મંગળવારના રોજ દુ:ખદ નિધન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા.૩૧-૦૧-૨૦૧૯ને ગુરૂવારના રોજ સવારે ૯:૦૦ થી ૧૧:૦૦ દરમિયાન** અમારા નિવાસસ્થાને રાખેલ રાખેલ છે.

સ્થળ : "સાનિધ્ય" પ્લોટ નં.૧૪૮/૨, સેક્ટર-૧-બી, ચ-૦ સર્કલ પાસે, ગાંધીનગર

**સમીર બચુભાઈ શેઠ** — **જ્યોતિન બચુભાઈ શેઠ**
**સ્મિતા સમીર શેઠ** — **મૃણાલિની જ્યોતિન શેઠ**
**ધ્રૂવ સમીર શેઠ** — **હાર્દિક જ્યોતિન શેઠ**


હાર્દિક અભિનંદન



શ્રી એમ.ડી. પરમાર
ના.પો. અધિ. ગુજરાત પોલીસ
આપશ્રીને રાષ્ટ્રપતિ એવોર્ડથી સન્માનિત થવા બદલ અમે આનંદ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ...
ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ સહ...
ડી. જી. ટુંડીયા P.S.I. — પી. સી. વલેરા P.I. વાયરલેસ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com